દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-20019

વર્ષ : ૧૪ અંક : ૯ સળંગ અંક : ૩૨૧ ● પ્રકાશન : તા. ૦૧-૧૨-૧૮ પોસ્ટીંગ તા. ૦૫-૧૨-૧૮ ● પાનાં : ૦૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/-, છૂટક રૂ. ૩/-

## આંબેડકર વિશે સંઘ : ૧૯૪૯ અને ૨૦૧૬

અવસર
રામચંદ્ર ગુહા

**ડૉ.** બાબાસાહેબ આંબેડકરની એકસો પચીસમી જયંતી ૨૦૧૬માં ઉજવવામાં આવી. એને અનુલક્ષીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં અંગ્રેજી મુખપત્ર ઑર્ગેનાઇઝરે સત્તરમી એપ્રિલના તેના અંકનાં મુખપૃષ્ઠ પર બાબાસાહેબ આંબેડકરની તસવીર મૂકીને તેની નીચે 'ધ અલ્ટિમેટ યુનિફાયર' એમ લખીને તેમનું ગૌરવ કર્યું. એટલું જ નહીં તેમાં બાબાસાહેબની પ્રશંસા કરતા અનેક લેખો પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. એક લેખમાં બાબાસાહેબને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયાની 'મહત્ત્વની કડી' કહેવામાં આવ્યા છે. બીજા એક લેખમાં એમ કહેવામાં આવ્યું છે કે બાબાસાહેબની દૂરદષ્ટિ અને તેમનું કાર્ય બ્રાહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ અને આર્ય સમાજ જેવી સંસ્થાઓ સાથે સામ્ય ધરાવે છે.ત્રીજામાં, કામદારોના અધિકારો વિશેની આંબેડકરની નિસબતની પ્રશંસા કરવામાં આવી છે. વળી એક લેખમાં એમને બ્રાહ્મણોના નહીં,પણ બ્રાહ્મણોએ ઊભી કરેલી, વ્યવસ્થાના વિરોધી એવા 'ટાઇમલેસ લીડર' અર્થાત 'કાલાતીત નેતા' કહેવામાં આવ્યા છે. એકંદરે આ અંકના બધા લેખો આંબેડકરનું ગુણકીર્તન કરનારા હતા.

આ અંક પ્રસિદ્ધ થયો ત્યારે અલબત્ત, આંબેડકર હયાત ન હતા. પણ આંબેડકર જયારે હયાત હતા ત્યારે સંઘનુ મુખપત્ર 'ઑર્ગેનાઇઝર' તેમની તરફ અને તેમનાં કાર્ય તરફ શી રીતે જોતું હતું ? આ સવાલનો જવાબ શોધવા માટે મેં ૧૯૪૯-૫૦નાં વર્ષો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ સમયગાળામાં આંબેડકર ભારત સરકારના કાયદા મંત્રી હતા.તેઓ ભારતના બંધારણનો અંતિમ મુસદ્દો બનાવી રહ્યા હતા. તેની સાથે તેઓ સ્ત્રીઓને વિશેષાધિકાર મળવાની દષ્ટિએ હિન્દુ પર્સનલ લૉઝમાં સુધારાની હિમાયત કરી રહ્યા હતા. આંબેડકરના આ બંને પ્રયત્નો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને મંજૂર ન હતા. આંબેડકરે બંધારણ સભામાં બંધારણનો અંતિમ મુસદ્દો રજૂ કર્યો એ વખતના એટલે કે ત્રીસમી નવેમ્બર ૧૯૪૯ના 'ઑર્ગેનાઇઝર' અંકના તંત્રીલેખમાં જણાવવામાં આવ્યું હતું : 'ભારતનાં નવાં બંધારણની સહુથી ખરાબ બાબત એ છે કે તેમાં કશું જ ભારતીય નથી.... તેમાં પ્રાચીન ભારતનાં બંધારણીય કાયદા, સંસ્થાઓ, નામાભિધાન અને શબ્દાવલીઓનાં કોઈ સગડ નથી.' તંત્રીલેખની ફરિયાદ છે કે 'પ્રાચીન ભારતમાં સંવિધાનનાં ક્ષેત્રે જે અનન્ય પ્રગતિ થઈ હતી તેનો ઉલ્લેખ અત્યારનાં બંધારણમાં નથી. મનુના કાયદા સ્પાર્ટાના લાયકાર્ગસ કે પર્શિયાના સોલોનના કાયદા કરતાં કેટલાંય પહેલાં ઘડાયા હતા.મનુએ 'મનુસ્મૃતિ' થકી રચેલા કાયદા આજે પણ આખી દુનિયામાં વખણાય છે,અને હિંદુઓ તેને સ્વેચ્છાએ સ્વીકારીને પાળે છે.પણ આપણા સંવિધાનપંડિતોને એની કશી જ પડી નથી.' આંબેડકરનું નામ ચોખ્ખેચોખ્ખું આપવામાં આવ્યું નથી,પણ તે અગ્રણી સંવિધાનવિદ્ હોવાને કારણે સંઘનું મુખ્ય નિશાન હતા.જોકે આંબેડકર પર સંઘ વધુ નારાજ હતો તે પર્સનલ લૉઝમાં એમણે સુધારા સૂચવ્યા તે બાબતે. 'ઑર્ગેનાઇઝર'ના છઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૪૯ના અંકમાં વાંચવા મળે છે કે સરસંઘચાલક મ.સ.ગોળવલકરે ૧૯૪૯ના ઑગસ્ટમાં આપેલાં એક ભાષણમાં આબેડકરે પર્સનલ લૉઝમાં સૂચવેલા સુધારા અંગે વાંધો ઊઠાવ્યો હતો કે 'એમાં કશું જ ભારતીય નથી. લગ્ન અને છૂટાછેડા જેવા પ્રશ્નોનો ઉકેલ અમેરિકન કે બ્રિટિશ મૉડેલને અનુસરીને લાવી શકાય નહીં. હિન્દુ સંસ્કૃતિ અને કાયદા મુજબ લગ્ન એ ગમે ત્યારે તોડી શકાય તેવો 'કરાર' નથી પણ જેને મૃત્યુ પછી પણ બદલી શકાય નહી એવો સંસ્કાર છે.' ગોળવલકર આગળ કહે છે : 'દેશમાં કેટલીક જગ્યાએ હિન્દુ સમાજની કેટલીક 'નીચી કોમો' છૂટા છેડાને રિવાજ તરીકે સ્વીકારીને અમલમાં મૂકે છે, પણ તે બાબત બધા માટેનો આદર્શ ગણી શકાય નહી.'

બીજી નવેમ્બર ૧૯૪૯ના 'ઑર્ગેનાઇઝર'નો એક લેખ હિન્દુ કોડ બિલને 'હિંદુઓની શ્રદ્ધા પરનો સીધો હુમલો' ગણાવે છે.વળી તે એવી પણ ટિપ્પણી કરે છે કે 'એમાં સ્ત્રીને પણ છૂટાછેડા આપવાનો અધિકાર આપતી જે જોગવાઈ છે તે હિન્દુ વિચારધારા સામેનો બળવો છે'. સાતમી ડિસેમ્બર ૧૯૪૯ના અંકના તંત્રીલેખની શરૂઆત આમ થાય છે :'અમે હિન્દુ કોડ બિલનો વિરોધ કરીએ છીએ. અમે એનો વિરોધ એટલા માટે કરીએ છીએ કે આ બિલ વિદેશી અને અનૈતિક સિદ્ધાંતો

પર આધારિત અપમાનકારક પગલું છે. એ હિન્દુ કોડ બિલ નથી. એ જે કંઈ હોય તે, પણ એ હિન્દુ નથી.એ હિન્દુ હોવા સિવાય ગમે તે હોઈ શકે. અમે એને વખોડીએ છીએ કારણ કે એ હિન્દુ કાયદા, હિન્દુ સંસ્કૃતિ અને હિન્દુ ધર્મની નિર્દયતા અને અજ્ઞાનથી કરવામાં આવેલી બદનામી છે.' આટલું લખ્યા પછી ઉપર્યુક્ત તંત્રીલેખ, જેમના માટે હિન્દુ કોડ બિલમાં સુધારા સૂચવવામાં આવ્યા છે એ ઘટકો તરફ વળે છે. એ લખે છે : 'કેટલીક વિધવાઓ અને કેટલાક વિધુરો, સંતાન-વિહોણી સ્ત્રીઓ અને ઘરડા વરરાજાઓ, થોડાક લોકોની છીછરી ખુશી ખાતર આપણા પ્રાચીન કાનૂનને તોડવા માટે ભેગાં થયાં છે.' પછી આ લેખ બંધારણના બે શિલ્પીઓને તાકીને તેમને વક્રોક્તિપૂર્વક 'ઋષિ આંબેડકર અને મહર્ષિ નહેરુ' કહે છે. તે નોંધે છે કે આ બંનેએ સૂચવેલા સુધારા 'સમાજને સાવ નાના ટુકડામાં વહેંચી દેશે, અને દરેક પરિવારને અનાચાર, શક અને દુર્ગુણનો ચેપ લગાવશે.' 'ઑર્ગેનાઇઝર' માનતું હતું કે આ બિલ પરિવારોમાં ભાગલા પડાવશે તેમ જ (સંપત્તિના વારસા બાબતે) ભાઈ અને બહેનને એકબીજાંનાં દુશ્મન બનાવશે. 'ઑર્ગેનાઇઝર'નો આ લેખ બતાવે છે કે પ્રાચીન હિન્દુ કાનૂનકારોનાં જ્ઞાનનો આવા બચાવ કરવામાં સંઘ પિતૃસત્તાક વ્યવસ્થાને સમગ્રતયા બચાવ કરી રહ્યો હતો.ખરી વાત તો એ છે કે નવા બિલમાં સ્ત્રીઓને લગ્નનો જીવનસાથી પસંદ કરવાનો,ખરાબ પતિને છૂટાછેડા આપવાનો અને વારસાગત મિલકતમાં હિસ્સો ધરાવવા માટેનો અધિકાર આપતી જે જોગવાઈ હતી તે સંઘને ખૂંચતી હતી.

સ્ત્રીઓને અત્યાર સુધી આ અધિકારોથી વંચિત રાખવામાં આવી હતી એ તો સર્વવિદિત છે. વળી, હવે સંઘે હિન્દુ કોડ બિલ પર ખુલ્લો હુમલો કર્યો. તેણે બિલ અટકાવવા માટે સેંકડો સરઘસો, ધરણાં અને હડતાળ યોજ્યાં, જેને જાતભાતના સાધુ-સંતોએ સંબોધ્યાં. તેમાંથી એક વક્તવ્ય 'ઑર્ગેનાઇઝર'ના ચૌદમી ડિસેમ્બર ૧૯૪૯ના અંકમાં ટાંકવામાં આવ્યું છેઃ 'આ બિલના એક રચનાકાર બી.એન.રાઉ અને બંધારણસભામાં એનાં સૂકાની આંબેડકર, બંનેએ ખુદને અ-હિન્દુ જાહેર કર્યા છે અને એમણે લગ્ન પણ અ-હિન્દુ વિધિથી કર્યાં છે.આવા માણસોને હિન્દુ ધર્મને 'સુધારવાનું' કામ સોંપવામાં આવે એ શોકાંતિકા અને શેતાનિયત છે.' હિન્દુ કોડ બિલ સામેની ઝુંબેશ મહિનાઓ સુધી ચલાવવામાં આવી. તેના ટેકામાં 'ઑર્ગેનાઇઝરે' ઘણાં લેખો છાપ્યા. તેનું કહેવું એમ હતું કે ' નેહરુ અને આંબેડકર ધારી શકે તેના કરતાં ઘણી વધારે બાબતો હિન્દુ ધર્મ, તેની સંસ્થાત્મક રચનામાં અને તેનાં કાયદામાં સમાયેલી છે'. 'ઑર્ગેનાઇઝર'નાં અગિયારમી જાન્યુઆરી ૧૯૫૦ના અંકમાં કે.ડી.પી.શાસ્ત્રી નામના એક વાચકનો પત્ર છપાયો છે.ડૉ.આંબેડકરને 'ફ્રી પ્રેસ જર્નલ' અખબારે 'આધુનિક ભારતના મનુ' કહીને વખાણ્યા તેનો ઉલ્લેખ કરીને શાસ્ત્રીએ લખ્યું છે કે 'આંબેડકરને વિદ્વાન અને ભગવાનને સમકક્ષ એવા મનુ સાથે મૂકવા એ બહુ હાસ્યાસ્પદ બાબત છે'.શાસ્ત્રી આગળ લખે છે કે 'નજીકના ભૂતકાળમાં ડૉ.આંબેડકરે હિન્દુ ધર્મની જે કુસેવા કરી છે એ બહુ જ જાણીતી છે.' આ વાક્યમાં બે બનાવોનો સંદર્ભ છે. એક, બાબાસાહેબે ધર્માન્તર કરવા માટેની ઇચ્છા વ્યક્ત કરી હતી, અને બે, તેઓ ૧૯૪૭ પહેલાં જોગેન મંડલ નામના પાકિસ્તાન તરફી દલિત આગેવાન સાથે જોડાયેલા હતા. સંઘવાદી ચર્ચાપત્રી કહે છે કે 'હવે ભલે આંબેડકર એક સારા ભારતીય નાગરિક ગણાતા હોય, પણ કોઈ સાચા અર્થમાં પવિત્ર યુગમાં તે 'મનુ' હોવાનો દાવો કરી જ શકે તેમ નથી !'

વ્યક્તિઓની જેમ સંગઠનોને પણ પોતાના વિચાર બદલવાનો અધિકાર હોય છે. પણ એની સાથે એ વિચાર શા માટે અને કેવી રીતે બદલાયો તેની નિખાલસ અને ખુલ્લી વિચારણા હોવી જરૂરી છે. હકીકત એ છે કે આંબેડકર જ્યારે કાયદા મંત્રી હતા અને બંધારણ ઘડી રહ્યા હતા, ત્યારે સંઘે તેમની અને તેમના વિચારોની બંનેની નિંદા કરી.આ પહેલાં જેનો ઉલ્લેખ થયો તે ત્રીસમી નવેમ્બર ૧૯૪૯ના અંકનો તંત્રીલેખ સૂચવે છે કે સંઘ જેને હિન્દુ સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યો ગણતો હતો તેને સમાજે આજ્ઞાપાલન તરીકે અનુસરવાં જોઈએ એમ માનતો હતો. સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યોની સંઘની વ્યાખ્યા આંબેડકર જેવા રેડિકલ(એટલે કે પાયાનું પરિવર્તન ઇચ્છનાર), સમતાવાદી અને પિતૃસત્તા-વિરોધી વ્યક્તિ માટે સ્વાભાવિકપણે જ સ્વીકાર્ય ન હતી. ●

**અનુવાદ : સંજય શ્રીપાદ ભાવે**

(ધ ઇન્ડિયન એક્સપ્રેસ, ૨૧ એપ્રિલ ૨૦૧૬)

## પોએટિક 'સર્જિકલ સ્ટ્રાઈક' / નીરવ પટેલ

પ્રો. ગિરીશ રોહિત દલિત કવિતાને 'સર્જિકલ સ્ટ્રાઈક' કહે છે ત્યારે તેમને જે અભિપ્રેત છે તે કદાચ આ :

'સર્જિકલ સ્ટ્રાઈક' એ એક મિલિટરી ટર્મ છે અને તેનો અર્થ થાય છે દુશ્મન દેશના મિલિટરી કેમ્પને તહસનહસ કરવા માટે કરાતો અચાનક હુમલો, જેમાં ટાર્ગેટ એકદમ ચોક્કસ હોય છે કે જેથી એ સિવાયના સિવિલિયન જાનમાલને નુકસાન ન થાય અથવા નહિવત કે ઓછામાં ઓછું થાય.

આ ટર્મને જ્યારે દલિત કવિતા સાથે જોડવામાં આવે ત્યારે આપણે એનો અર્થ એટલો જ કરવો જોઈએ કે દલિત કવિતા દલિતોને અન્યાયકર્તા એવી અમાનવીય જ્ઞાતિપ્રથા-વર્ણવ્યવસ્થા અને તેને માન્ય ઠેરવતા/તેનો વ્યવહારમાં અમલ કરતા હર કોઈને સામૂહિક રીતે એક જ ટાર્ગેટ માને છે, અને તેમના પર કવિતાના/ સાહિત્યના માધ્યમે એટેક કરે છે.

એ થકી થતું collateral damage વ્યાપક સમાજ માટે નહિવત કે મિનિમમ હોય છે. બલકે, આવા પોએટિક 'સર્જિકલ સ્ટ્રાઈક'થી સમાનતા, બંધુતા, સામાજિક ન્યાય વગેરે ઉમદા માનવ મૂલ્યો સ્થપાય છે. ●

# જાતિવાદના જનક મનુની પ્રતિમાને કાળીમેશ કરવાની શૌર્યગાથા

**અહેવાલ**

**રાજુ સોલંકી**

**ઔરંગાબાદથી** જયપુરનું ૯૯૯.૩ કિલોમીટરનું અંતર કાપીને ૧૭ કલાક અને ૪૬ મિનિટની કમરતોડ મુસાફરી કરીને શીલાબાઈ પવાર (૩૫), કાંતાબાઈ આહિરે (૩૨), દાઉદ શકીલ શેખ અને યોગેશ સાલ્વેએ ૮ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ જયપુર હાઇકોર્ટના પ્રાંગણમાં મુકેલી મનુની પ્રતિમાને એડીથી ચોટી સુધી કાળીમેશ કરી નાંખી હતી. મનુની પ્રતિમાની કુંભી પર ચડીને શીલાબાઈએ મનુનો ચહેરો અને ધડ સ્પ્રેથી કાળામેશ કર્યા હતા, જ્યારે નીચે ઉભેલા કાંતાબાઈએ મનુના પગ કાળા કર્યા હતા. બંને બહાદુર સ્ત્રીઓએ આ વીરલ સાહસનું કાર્ય ભર બપોરે અને હજારો લોકોની નજર સામે કર્યું હતું. દાઉદ શકીલ શેખ બંને બહેનોની મદદ કરી રહ્યા હતા, જ્યારે યોગેશ સાલ્વે દૂર ઉભા ઉભા તેમના આ ઐતિહાસિક કાર્યના ફોટા પાડી રહ્યા હતા. જયપુર પોલીસે ઘટના સ્થળેથી બંને મહિલાઓની તેમ જ દાઉદ શેખની ધરપકડ કરીને ત્રણેયને જયપુર જેલમાં મોકલી આપ્યા હતા. યોગેશ સાલ્વેની ધરપકડ થઈ નહોતી. તેર દિવસ સુધી જેલમાં રહ્યા બાદ ત્રણેયને ૨૨મી ઓક્ટોબરે જામીન પર છોડવામાં આવ્યા હતા. આ ચારેય જણા મહારાષ્ટ્રની 'રિપબ્લિકન પાર્ટી ઓફ ઇન્ડિયા' (ખરાત)ના કાર્યકરો છે અને આ પાર્ટી 'રિપબ્લિકન પાર્ટી ઓફ ઇન્ડિયા' (આઠવલે)માંથી છૂટી પડીને બની છે.

૧૦ ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ રાજસ્થાન હાયર જ્યુડિશિયલ ઓફિસર્સ એસોસિએશનના પ્રમુખ પદમકુમાર જૈને રાજસ્થાન હાઇકોર્ટના તત્કાલીન મુખ્ય ન્યાયમૂર્તિ એન. એમ. કાસલીવાલને પત્ર લખીને અદાલતના પ્રાંગણમાં મનુની પ્રતિમાનું સ્થાપન કરવાની મંજુરી માંગી હતી. ૩ માર્ચ, ૧૮૮૯ના રોજ કાસલીવાલે પ્રતિમા મુકવાની મંજુરી આપી દીધી હતી. રાજસ્થાનની વિવિધ અદાલતો માટે ન્યાયની દેવીની પ્રતિમાઓ બનાવનારા સ્થપતિ સુમહેન્દ્ર શર્માએ મનુની પ્રતિમા બનાવી હતી. પ્રતિમાનું લોકાર્પણ કરવાનો સમય આવ્યો ત્યારે કાસલીવાલની બદલી થઈ ગઈ અને તેમની જગ્યાએ મુખ્ય ન્યાયમૂર્તિ બનેલા મિલાપચંદ જૈન લોકાર્પણ કરવા આવ્યા જ નહીં. કોઈપણ જાતની ઔપચારિકતા વિના પ્રતિમા હાઇકોર્ટના પ્રાંગણમાં સ્થાપિત થઈ ગઈ હતી. ત્રણ જ મહિના પછી ૨૮ જુલાઈ, ૧૯૮૯ના રોજ રાજસ્થાન હાઇકોર્ટના તમામ ન્યાયાધીશોએ સર્વસંમતિથી પ્રતિમાને હાઇકોર્ટના પ્રાંગણમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ જેવો આ આદેશ પર અમલ કરવાનો સમય આવ્યો કે વિશ્વ હિન્દુ પરિષદના આચાર્ય ધર્મેન્દ્ર અને અન્ય લોકોએ હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી નાંખી અને ઓગસ્ટ ૧૯૮૯માં હાઇકોર્ટે પ્રતિમા હટાવવા પર મનાઈહુકમ ફરમાવી દીધો. બસ ત્યારથી પ્રતિમા હટાવવાની વાત ઘોંચમાં પડી છે.

અત્રે યાદ રહે કે રાજસ્થાનના કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષોના બિનદલિત નેતાઓ મનુની પ્રતિમાને હટાવવાની વિરુદ્ધમાં છે. કોંગ્રેસના દલિત દલાલોએ એક વર્ષ પહેલાં લોકોને મુર્ખ બનાવવા 'मनु का पुतला हटायेंगे, सारा देश हिलायेंगे'નો નારો આપ્યો હતો. મહારાષ્ટ્રની આંબેડકરી રણચંડીઓએ જાતિવાદી મનુનું મોં કાળું કરીને દેશને હલાવી દીધો છે. આ છે વિચારધારાની તાકાત. મોદીની ચા અને રાહુલના ભજીયાથી પેટ ભરતા ટણપાઓ મનુની પ્રતિમા હટાવી નહીં શકે એટલું સમજી લેજો. ●

## મૂર્ત આપ્યું / જયેશ સોલંકી

ભગવાન
તારી હયાતીનો
આશરો લઈને
એક ટોળાએ
અમને
એમના જેવા જ
માણસ હોવા છતાં
ભારતની ભૂમિ પર
પશુ બનાવી રાખ્યા
હે ઈશ્વર
મને ખબર છે
કે તું નથી
ક્યાંય નથી
હવે તો
માથે મેલું ઉપાડતી
મારી માને પણ ખબર છે
કે તું નથી...
કણ, કાળ કોઈમાં નથી
જો તું હોત તો
આવો અતાર્કિક અન્યાય
સવર્ણ હિંદુઓનો
ના જ હોત
તારા કરતાં તો
મારી સવર્ણ હિંદુ પ્રેમિકા
મહાન છે
જેણે
આ અછૂત પ્રેમીને
અપેક્ષા કરતાં ઓછું
પણ જે આપ્યું
જેવું આપ્યું
એ ભૌતિક આપ્યું
મૂર્ત આપ્યું.

# દીકરો ગુમાવ્યા બાદ દલિત માતા ન્યાય માટે વલખાં મારી રહી છે !

**અમદાવાદ** જિલ્લાના દસક્રોઈ તાલુકાના લાંભા ગામના ઈન્દિરાનગરની આ વાત છે. તા.૧૨/૦૯/૨૦૧૮ના રોજ રાત્રે લગભગ ૧૦:૩૦ કલાકની આસપાસ 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ' દસક્રોઈ તાલુકાના સાથી અનિરુધ્ધસિંહનો ફોન આવ્યો. તેમણે જણાવ્યું કે નારોલની દેવરાજ એસ્ટેટની આઉટલુક ગ્લોરી કંપનીના ત્રીજા માળે દલિત સમાજના સત્તાવીસ વરસના એક દલિત યુવાન નામે હિમાંશુ જાદવને ઢોર માર મારી ગળે ટૂંપો આપી લટકાવી દેવામાં આવેલ છે. ત્યાં પહોંચી સત્ય જાણવાનો પ્રયત્ન કરીએ.

મેં લાંભા વિસ્તારના 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ'ના આગેવાનોને બનાવની જાણકારી આપતાં જ ત્યાંના સ્થાનિક આગેવાનો સુભાષ તપોધન,દિનેશ છત્રાલિયા અને ચમનભાઈ પરમાર, RDAM દાણીલીમડા, બહેરામપુરાના સાથી વિપુલ પરમાર, ચિરાગ પરમાર,વિજય દાફડા,પ્રકાશભાઈ પરમાર તેમજ સામાજિક આગેવાન પ્રતીકભાઈ, રાકેશભાઈ વાઘેલા, ગૌતમ પરમાર તેમજ 'આંબેડકર ચળવળ અભિયાન'ના આગેવાનો, RDAMના સહકન્વીનર ઉમેશ પરમાર ઘટના સ્થળે પહોંચી ગયા.

**આંખે જોયું**

**યશ મકવાણા**

હિમાંશુભાઈના પરિવારજનોને મળી તેમને સાંત્વના આપી, પરંતુ કોણ જાણે કેમ ત્યાં હાજર રહેલા પોલીસ કર્મચારીઓને ભીનું સંકેલી લેવામાં રસ હોય તેમ મૃતક પરિવારને તમામ આગેવાનોથી દૂર રાખી આઉટલુક ગ્લોરી કંપનીના માલિક પાસેથી રૂપિયા ૩.૫૦ લાખના બે ચેક અને રૂપિયા એક લાખ રોકડ એમ કુલ રૂપિયા આઠ લાખ તાત્કાલિક આપી દેવામાં આવ્યા અને હિમાંશુ જાદવના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વી.એસ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યો.

આ ઘટના અન્ય દલિત અત્યાચાર કરતાં સાવ અલગ હતી. આ ઘટનામાં હિમાંશુ જાદવ દલિત હતા એટલે નહીં પરંતુ ગરીબ હતા તેથી તેમને મારવામાં આવેલ અને તેની આગળ પાછળ કોઈ નહતું તેથી મારવામાં આવેલ, એમ પ્રથમ દ્રષ્ટિએ લાગ્યું. સમગ્ર ઘટનાની ઊંડાણથી તપાસ કરતાં જાણવા મળેલ કે હિમાંશુ જાદવ પર તા.૧૨/૦૯/૨૦૧૮ના રોજ લગભગ બપોરે ૧ વાગ્યાની આસપાસ કોઈ અજાણી વ્યક્તિનો ફોન આવેલ અને તેવો પોતાના ઘરે કહીને ગયેલ કે તે હાલ રોકડી (છૂટક મજૂરી) કરવા માટે જાય છે. તેઓ બપોરે ૩ કલાકે ઘરે પાછા ફરશે અને તેમના ભત્રીજા વૈભવનો જન્મ દિવસ હોવાથી તે પાછા આવશે ત્યારબાદ જન્મદિવસની ઉજવણી પણ કરશે તેવું જણાવી હિમાંશુ પોતાની બાઈક GJ 18 CD 1124 લઈને નારોલ ખાતે આવેલ દેવરાજ એસ્ટેટની આઉટલુક ગ્લોરી કંપની ખાતે જવા રવાના થયા હતા.

હિમાંશુ જાદવ લાંભા ગામ નજીક ઈન્દિરાનગર ખાતે પોતાના માતા પિતા અને ભાઈ ભાભી ભત્રીજાના પરિવાર સાથે રહેતા હતા. બપોરે લગભગ ૩:૪૫ ની આસપાસ હિમાંશુ જાદવ તેમણે કહેલ સમયે ઘરે પાછા ના ફરતા તેમના મોટાભાઈ મેહુલભાઈ જાદવ દ્વારા તેમને ફોન કરવામાં આવ્યો પરંતુ કોઈ ફોન ઉપાડી રહ્યું નહોતું. મેહુલભાઈના દીકરા વૈભવના જન્મ દિવસની ઉજવણી કરવાની હતી એટલે ભાઈ અને ભાભી ઉષાબહેન દ્વારા વારંવાર ફોન કરવામાં આવી રહ્યા હતા પરંતુ કોઈ જવાબ ના મળ્યો. ત્યારબાદ તેમનો ફોન સ્વિચ ઓફ થઈ જતાં પરિવારજનોને ચિંતા થવા લાગી. લગભગ સાંજે સાડા પાંચ વાગ્યાની આસપાસ ઘરે કોઈ બે અજાણ્યા માણસો આવી કહેવા લાગ્યા કે હિમાંશુને આઉટલુક ગ્લોરી કંપની ખાતે ખૂબ જ મારવામાં આવી રહ્યો છે તમે જાવ અને તેને બચાવી લો !

આઉટલુક ગ્લોરી કંપનીમાં હિમાંશુ જાદવ કાયમી નોકરી કરતા નહોતા.પરંતુ ત્યાં હિમાંશુ જાદવની પરપ્રાંતિય પ્રેમિકા નોકરી કરતી હતી. એટલે તે વારંવાર આઉટલુક ગ્લોરી કંપની ખાતે તેમની પ્રેમિકાને મળવા જતા હતા.

હિમાંશુ જાદવના ઘરે અજાણ્યા માણસોએ આવીને તેમને માર મારી રહ્યા હોવાનું કહેતાં જ તેમના પિતા પૂનમભાઈ જાદવ અને મોટાભાઈ મેહુલભાઈ જાદવ આઉટલુક ગ્લોરી કંપની ખાતે પહોંચી સિક્યોરિટી ગાર્ડને મળી હિમાંશુને મળવાનો આગ્રહ કર્યો પરંતુ સિક્યોરિટી ગાર્ડ દ્વારા તેમને તેવું જણાવવામાં આવ્યું કે તે હાલ કામ કરી રહ્યો છે તેને લગભગ એક કલાક લાગશે. આઉટલુક ગ્લોરી કંપનીની બહાર પોલીસ વાંન પડેલી જોઈ પિતા અને ભાઈને કંઈક ખોટું બન્યું છે તેવો અણસાર આવ્યો. થોડી ક્ષણો બાદ પોલીસ દ્વારા તેમને બોલાવી કહેવામાં આવ્યું કે હિમાંશુ જાદવે કંપનીના ત્રીજા માળે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ છે પોલીસે તેમને હિમાંશુનો મૃતદેહ જોવાનું કહ્યું. પરંતુ હિમાંશુના ભાઈ અને પિતાએ જોવાની ના પાડી અને બીજા પરિવારજનોને ભેગા કરી મૃતદેહ જોવા ગયા. તેઓએ જોયું કે મોંઢાના ભાગે,માથે, હાથ અને પગમાં ગંભીર ઈજાઓ થયેલી હતી અને પુષ્કળ લોહી નીકળી રહ્યું હતું. હથેળી અને માથાના ભાગે કોઈએ બોથડ પ્રદાર્થથી મારેલા ઘા હતા. હિમાંશુનો મૃતદેહ છત પર લગાવેલ પંખાએ ઈલેક્ટ્રિક વાયરના સહારે લટકી રહ્યો હતો અને હિમાંશુના પગ ભોંયતળિયે અડેલા હતા.હિમાંશુના મૃતદેહથી બરાબર ત્રણથી ચાર ફૂટ દૂર બે ટેબલ સીધી હાલતમાં પડેલા હતા.

આ સમગ્ર ઘટનાની ફરિયાદ હિમાંશુ જાદવના માતા લલિતાબેન પૂનમભાઈ જાદવે નારોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. પોલીસે

તપાસ દરમિયાન ચોંકાનારો ખુલાસો કરી જણાવ્યું હતું કે હિમાંશુ જાદવ દ્વારા નજીવી બાબતે આઉટલુક ગ્લોરી કંપનીના કર્મચારીઓ સાથે બોલાચાલી થતા હિમાંશુ જાદવને ખૂબજ ગંભીર રીતે માર મારવામાં આવેલ અને કંપનીના ત્રીજા માળે તેમને એક ઓરડામાં બંધ કરી દેવામાં આવ્યા. વધુ મારના ડરથી હિમાંશુ જાદવ દ્વારા ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરવામાં આવેલ છે. તપાસ દરમિયાન પોલીસે કંપનીના ધીરુભાઈ ચનાભાઈ પટેલ તથા બીટુસીંગ મહાદેવસિંગ રાજપૂત અને કંપનીના અન્ય માણસો પર ગુન્હા રજીસ્ટ્રેશન નંબર I/217/201થી ફરિયાદ નોંધી, આઈ.પી.સી કલમ ૩૦૬, ૩૪૧, ૩૨૩, ૧૧૪ તથા એટ્રોસિટી એમેન્ડ એકટ ૨૦૧૫ ૩(૨) હેઠળ ગુન્હો દાખલ કરેલ. પરંતુ આજદિન સુધી એક પણ આરોપીની ધરપકડ કરવામાં આવેલ નથી.

હિમાંશુ જાદવની દેખીતી હત્યા અંગે પોલીસ તપાસ આત્મહત્યાનો ખુલાસો કરે છે અને પી.એમ રિપોર્ટમાં પણ તેજ દર્શાવે છે. તેથી જે મનમાં સવાલો ઉઠે છે કે

(૧) હિમાંશુ જાદવ પર બપોરે ૧ કલાકની આસપાસ જે ફોન આવ્યો તે ફોન કોનો હતો અને તેની કોલ ડિટેલ્સ પરથી પરદો ક્યારે હટશે? વળી મૃતકના ફોન ગાયબ થવા પાછળના કારણ શું હશે?

(૨) હિમાંશુ જાદવના કહેવા પ્રમાણે તેઓ છૂટક મજૂરીએ આઉટલુક ગ્લોરી કંપનીમાં ગયેલ તો કઈ બાબતે ત્યાંના કર્મચારીઓ સાથે બોલાચાલી થઈ હશે..?

(૩) હિમાંશુ જાદવ દ્વારા આઉટલુક ગ્લોરી કંપનીમાં આત્મહત્યા કરવા પાછળના ખરા કારણો શું હોઈ શકે? તે પોતાના ઘરે પણ આત્મહત્યા કરી શકતા હતા.

(૪) તા.૧૨ સપ્ટેમ્બરના દિવસે સાંજે ૬ કલાકની આસપાસ જે બે અજાણ્યા માણસો હિમાંશુભાઈના ઘરે ખબર આપવા આવ્યા હતા તે કોણ હતા ? તેમની શોધખોળ માટે પોલીસે શું કાર્યવાહી હાથ ધરી ? શું તે આઉટલુક ગ્લોરી કંપનીની સમગ્ર ઘટનાથી માહિતગાર હતા ?

(૫) પોલીસ દ્વારા આઉટલુક કંપનીના સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ ફોનના રેકોર્ડ ચકાસવામાં આવ્યા છે કે કેમ?

(૬) હિમાંશુ જાદવના શરીર પરની ઈજાઓ પરથી ચોક્કસ અંદાજ લગાવી શકાય કે તે ગંભીર રીતે ઘાયલ હતા તો શું તે પરિસ્થિતિમાં તે પોતે પંખે વાયર બાંધી શકતા કે કેમ ? જો તેમણે તે કર્યું તો તેમના પગે તેમજ હાથે પુષ્કળ લોહી નિકળી રહ્યું હતું તો જે વાયર, ટેબલ અને પંખાનો (વાયર બાંધવા માટે) ઉપયોગ કરવામાં આવ્યો તો એક પણ જગ્યાએ લોહી કેમ ચોંટેલું નહોતું? કે ત્યાં લોહીના નિશાન પણ કેમ નહોતા?

(૭) હિમાંશુ જાદવ દ્વારા ગળેફાંસો ખાતી વખતે જે ટેબલનો ઉપયોગ કરવામાં આવ્યો તે ૩ થી ૪ મીટર દૂર સીધી હાલતમાં હતું તો શું તે દરમિયાન ટેબલનો ઉપયોગ થયો કે નહી ?

હિમાંશુ જાદવના રહસ્યમય મૃત્યુની જેમ આ સવાલો પણ શું રહસ્યમય અને નિરુત્તર જ રહેશે? હિમાંશુ જાદવની હત્યા કરનારા અથવા તો તેમને આત્મહત્યા કરવા મજબૂર કરનારા આરોપીઓ સુધી પહોંચવા પોલીસને કોણ રોકી રહ્યું છે? આરોપીઓની ઓળખ બાદ પણ તેમને કોના ઈશારે ખુલ્લા મુકવામાં આવ્યા છે તે પણ એક સવાલ છે.

હિમાંશુ જાદવના રહસ્યમય મૃત્યુને તેમના પરપ્રાંતિય યુવતી સાથેના પ્રેમ પ્રકરણ સાથે જોડીને જોવામાં આવે તો એમ લાગે કે દલિત સમાજના આગેવાનો અને દલિત ચિંતકો મોટા અવાજે જાતિવિહીન સમાજની રચનાની વાત કરતી વખતે આંતરજ્ઞાતિય લગ્નની વાત કરે છે.પરંતુ હિમાશુ જાદવના મૃત્યુ જેવી ઘટનાઓ જ્યારે સામે આવે ત્યારે એમ લાગે કે આજે એકવીસમી સદીમાં કહેવાતી ઉચ્ચ જ્ઞાતિમાં લગ્ન તો ઠીક પ્રેમના વિચારમાત્રથી પણ દલિતોને સહન કરવાનું આવે છે.

ગુજરાતમાં દલિતો પરના અત્યાચાર એ હવે કોઈ નવાઈની વાત નથી રહી. જે રીતે અવિરત દલિતો સાથે થતા અત્યાચારોની વિગતો સામે આવી રહી છે તે જોતાં ગુજરાતનું વિકાસનું મોડલ દલિતો,શોષિતો અને વંચિતો માટે વિનાશનું મોડલ બનતું નજરે પડી રહ્યું છે. એક તરફ સરકાર 'ગતિશીલ ગુજરાત' ની વાત કરે છે અને બીજી તરફ તેજ ગતિથી દલિતો પરના અત્યાચારોમાં વધારો નોંધાઈ રહ્યો છે. હાલ તો એક મા પોતાના યુવાન દીકરાના મોત પાછળ જવાબદાર લોકોને શોધી કાઢી તેને ન્યાય મળે તે માટે વલખાં મારી રહી છે. ●

## શુભેચ્છા યોગદાન

**દલિત અધિકારના શુભેચ્છકો જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળેલ છે.**

| | |
|---|---|
| ❖ રાજુ પરમ (પત્રકાર અને કર્મશીલ, અમદાવાદ) | રૂ.૨૦૦૦/- |
| ❖ મૂળચંદભાઈ રાઠોડ (જાણીતા સામાજિક-રાજકીય આગેવાન અને કાઉન્સિલર, નગરપાલિકા, પેથાપુર, જિ.ગાંધીનગર) | રૂ.૨૦૦૦/- |
| ❖ રમણ વાઘેલા (અગ્રણી દલિત સાહિત્યકાર અને કર્મશીલ, ગાંધીનગર) | રૂ.૧૫૦૦/- |
| ❖ પ્રીતેશ અમીન (જાણીતા સાહિત્યકાર અને નિવૃત્ત નાયબ કલેકટર,અમદાવાદ) | રૂ.૫૦૦/- |
| ❖ સોમાભાઈ ઈશ્વરભાઈ પરમાર (શુભેચ્છક,ગાંધીનગર) | રૂ.૫૦૦/- |

# દલિત ધારાસભ્યોની વિધાનસભામાં હાજરી

## ગંભીરતાથી નોંધ લેવી જરૂરી
### ડો. કલ્પેશ વોરા

**ગુજરાત** વિધાનસભાનું પ્રથમ સત્ર તા ૧૯મી ફેબ્રુઆરીથી ૨૮મી માર્ચ સુધી મળ્યું હતું.જેમાં ૨૭ દિવસ કાર્ય થયું.દલિત સમાજના ૧૩ ધારાસભ્યોમાંથી સમગ્ર સત્રમાં કોણ કેટલું હાજર રહ્યું તે જોઈએ તો રાજય સરકારના મંત્રીઓની હાજરીનો કોઈ રેકોર્ડ ન હોવાથી ઈશ્વરભાઈ પરમાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીની વિધાનસભામાં હાજરીની વિગતો મળતી નથી.પરંતુ બાકીના ૧૨ ધારાસભ્યોની હાજરી જોઈએ તો હિતુભાઈ કનોડિયા, કરશનભાઈ સોલંકી, મનીષા વકીલ અને લાખાભાઈ સાગઠિયા(ચારેય ભારતીય જનતા પક્ષ) સમગ્ર સત્રમાં બધા જ સત્તાવીસ દિવસો હાજર રહ્યા હતા.

અન્ય ધારાસભ્યોમાં માલતી મહેશ્વરી ૨૬ દિવસ, શૈલેષ પરમાર ૨૪ દિવસ, પ્રદીપ પરમાર ૨૪ દિવસ, નૌશાદ સોલંકી ૨૦ દિવસ, પ્રવીણ મારુ ૨૨ દિવસ, મોહન વાળા ૨૪ દિવસ અને પ્રવીણ મુછડિયા ૧૮ દિવસ હાજર રહ્યા હતા. જ્યારે દલિત સમાજને હું વિધાનસભા જઈને લોકોના પ્રશ્નોની રજૂઆત કરીશ, સાચું પ્રતિનિધિત્વ કરીશ એવી વાતો કરતા અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી ૨૭ દિવસના સત્રમાં માત્ર ૧૦ દિવસ હાજર હતા અને ૧૭ દિવસ ગેરહાજર હતા. જેની દલિત સમાજે ખૂબ ગંભીરતાથી નોંધ લેવી જોઈએ.

## હાજરીનું નહીં, કામનું આકલન કરો
### ડો. સ્વપ્નિલ મહેતા

**ગૃહમાં** હાજર રહીને કેટલી સક્રિયતા બતાવી ? અનુસૂચિત જાતિના પ્રશ્નો બાબતે ગૃહનું ધ્યાન દોર્યું ? માર્ક એ બાબતે હોવા જોઈએ.

વાર્ષિક હાજરીમાં પરફોર્મન્સના માર્ક જોવાય છે, હાજરીના નહીં. કોલેજમાં રેગ્યુલર હાજર રહેનાર ઠોઠના હાજર રહેવાના કારણો એક પ્રોફેસર તરીકે હું સારી રીતે જાણું છું. કુંભકર્ણે રાવણને કહ્યું હતું તેં જાગીને રળી લીધું અને મેં ઉંઘીને શું શું ગુમાવી લીધું?હાજર રહેલા ધારાસભ્યોએ ભથ્થા મેળવ્યા અને ન હાજર રહેલાએ ગુમાવ્યા.બાકી એમની હાજરી ન હાજરીથી આપણને કોઈ ફાયદો થયો નથી. કલ્પેશભાઈ ધારાસભ્યોની હાજરી કરતાં એમના કામનું આકલન કરશે તો ગમશે.

## જિજ્ઞેશ મેવાણીની હાજરીનો પ્રશ્ન : પાણીમાંથી પોરા
### મૂળચંદ રાણા

**અપક્ષ** ઝુઝારુ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની વિધાનસભામાં ઓછી હાજરી ઠીક નથી. આપણે સૌ આ બાબતે જરૂર એમને ટકોર કરીશું. પણ જેઓ હાજર રહ્યા સવિશેષ શાસક પક્ષના S C MLA પૈકી કોઈએ આપણી તાતી જરૂરિયાતના સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન એક્ટ માટે રજૂઆત કરી? આજ બાબતે સમાજના લોકો આવેદનપત્ર આપવા જે જે S C MLAના ઘરે ડેલીગેશન લઈ ગયા ત્યારે અગાઉથી જાણ કરવા છતાં એકેય હાજર રહેલ ખરા? થાનગઢ દલિત અત્યાચારમાં ગોળીએ દેવાયેલા ત્રણ યુવાનો બાબતેનો તપાસ અહેવાલ હાઉસમાં રજૂ થાય એવી એકેય શાસક પક્ષના ધારાસભ્યે માંગણી કરી ખરી ?

શાસક પક્ષના S C MLAની વિધાનસભામાં ભરચક હાજરી એમને અપાતા ઓર્ડરને કારણે છે. જેથી વિરોધપક્ષ હાઉસમાં હોબાળો કરે તો પોતાના ધારાસભ્યો એ ખાળવામાં કામ આવે. હાઉસમાં, સરકારમાં અને તંત્રમાં એકમાત્ર S C MLAનો હાઉ ઉભો થયો છે, જે સમાજને થોડો ઘણોએ ચોક્કસ કામમાં આવી રહ્યો છે. તો આમ પાણીમાંથી પોરા કાઢવાનું રહેવા દો ભાઈ.

## હાજર રહી ન બોલવું તે ગેરહાજર રહેવા બરાબર
### પ્રવીણ સોલંકી

**વિધાનસભામાં** હાજર રહેવું અને આપણા પ્રશ્નોને વાચા ન આપવી એ ગેરહાજર રહેવા બરાબર છે. એક જાતીય સતામણીનો કિસ્સો હિંમતનગરમાં બને અને એના પડઘા પૂરા ગુજરાતમાં પડે. ખરેખર મોડા મોડા પણ ઠાકોર સમાજમાં મોટી જાગ્રતિ આવી છે.જ્યારે વર્ષોથી એકતા, સંગઠન અને સંઘર્ષની વાતો કરનાર દલિત સમાજે શું કર્યું ? દિવસે દિવસે આપણા હક ઓછા થઈ રહ્યા છે.

આપણે તો હજુ અંદરોઅંદર ટાટિયા ખેંચવામાં પડ્યા છીએ. જ્યાં સુધી આપણા અંદર એકતા નહીં બને ત્યાં સુધી આપણે કશું જ નહી કરી શકીએ.

## મોં પર આંગળી કે દહાડ?
### હિતેશ ચાવડા

**મોં** ઉપર આંગળી મૂકીને બેસી રહેવું આખું સેશન એના કરતાં એક દહાડ કરવી અગત્યની છે.

## ગેરહાજરીની નિશ્ચિત મર્યાદા હોવી જોઈએ

### રાજુ સોલંકી

**વિધાનસભામાં** ધારાસભ્યો માટે પણ હાજરીપત્રક હોવું જોઈએ. જે ધારાસભ્ય સત્રમાં હાજર રહેવા ના માંગતો હોય તેણે સ્પીકર પાસે લેખિત મંજુરી માંગવી જોઈએ. ગેરહાજર રહેનારા ધારાસભ્યનો પગાર પણ કપાવો જોઈએ. ધારાસભ્યો કોઈ સુપરમેન નથી, સામાન્ય માણસો છે. ધારાસભ્યની ગેરહાજરીની પણ એક નિશ્ચિત મર્યાદા હોવી જોઈએ. અમુક હદથી વધાર ગેરહાજર રહેનારા ધારાસભ્યને હાંકી કાઢવો જોઈએ. ફલાણો ધારાસભ્ય આટલા દિવસો હાજર રહ્યો અને ઢીકણો આટલા દિવસ હાજર રહ્યો. આવી ચર્ચા કરવાનો કોઈ મતબલ નથી.

ધારાસભ્ય વિધાનસભામાં કોઈ સવાલ પૂછે એ એની કાર્યક્ષમતાનું માપ નથી, એ એની કોઈ લાયકાત નથી, સિદ્ધિ પણ નથી. પ્રશ્નો તો નાનું બાળક પણ પૂછે છે. પ્રશ્નો પૂછીને ધારાસભ્યો શું ધાડ મારે છે? આરટીઆઈના આ સમયમાં નાનામાં નાનો નાગરિક પણ અરજી કરીને માહિતી મેળવી શકે છે. એટલે મારા મતે ધારાસભ્યો પ્રશ્નો પૂછે એ કોઈ પણ રીતે મહત્ત્વનું નથી.

ધારાસભ્યએ કરવાનાં કામો તો ઘણાં છે. રાજ્યની તમામ જિલ્લા સરકારી હોસ્પિટલો, સીએચસી, પીએચસીની મુલાકાત લેવી અને તેમની કામગીરી તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવું. કે પછી રાજયના તમામ ભિક્ષુક ગૃહો, બાળ સુધાર ગૃહો, મેન્ટલ હોસ્પિટલો, નારી સંરક્ષણ કેન્દ્રોની મુલાકાત લેવી અને તેનો રિપોર્ટ બહાર પાડવો. કે પછી રાજયના પૈસા મેળવતી એનજીઓ દ્વારા ચાલતા આંગણવાડી કેન્દ્રો, સર્વ શિક્ષા અભિયાન કેન્દ્રો, મધ્યાહ્ન ભોજન યોજનાની મુલાકાત લેવી અને તેની ખામીઓ બહાર લાવવી. રાજયની તમામ સરકારી શાળાઓની મુલાકાત લેવી અને તેના શિક્ષણના સ્તરને સુધારવા માટે પ્રયાસ કરવો. આવાં કામો કરવાના બદલે ધારાસભ્યો નારાબાજી કરશે, રેલીઓ કાઢશે, મીડિયાબાજી કરશે, તો પ્રજાના પૈસા જ વેડફાશે. ●

## વડવાઈઓ / મેહુલ ચાવડા

શંબૂકનું માથું વાઢી લીધું
અંગૂઠો માંગી લીધો એકલવ્યનો
કરી નાખો ગોવિંદ પાનસરેની હત્યા તમતમારે
મારી નાખો નરેન્દ્ર દાભોલકરને
કલબુર્ગીની કલમ રોકવા એની હત્યા કરી નાખો
ધમકીઓ આપો
આદિવાસી કવિની આંગળીઓ વાઢી નાખવાની
સોની સોરીની યોનિમાં
ઠૂંસી ઠૂંસીને પથ્થરો ભરી દો
નિર્દોષ ગૌરી લંકેશના છાતીમાં
ગોળીઓ ધરબી શકશો.
અરે કરી કરીને તમે બીજું કરશો શું?
બહુ બહુ તો
નક્સલવાદના થપ્પા લગાવી
કોર્ટ કચેરીમાં લઈ જશો.
પણ એ વિચારનું શું ?
જેને તમે દબાવવા માંગો છો
એ તો વિરાટ વડ થઈને ઊભો છે તમારી સામે
એનાં મૂળિયાં બહુ ઊંડાં ગયાં છે
એની વડવાઈઓ પર ઝૂલે છે હીંચકા
તમે વડરૂપી વિચારનો નાશ નહી કરી શકો.
કેમ કે
વડવાઈઓ પણ વટવૃક્ષ બનીને ઊભી છે.

## નવું વાચન

**જીવનપથ** (આત્મકથા) કરસનભાઈ કે.પરમાર, પ્રાપ્તિસ્થાન : મુ.પો.મઉ, તા.ભિલોડા, જિ.સાબરકાંઠા, (અરવલ્લી), કિંમત : રૂ.૧૦૦/-

**બહુજન નાયક : કાંશીરામ** , (જીવન અને કાર્ય), પ્રો. મહેન્દ્ર જે. રાઉત, અનુવાદ : પ્રકાશ બૅંકર, પ્રકાશક : મૂકનાયક પરિવાર, ગુજરાત, કિંમત : લખી નથી, મો. ૯૮૯૮૮૬૦૬૭૦

**પ્રહાર** (ગુજરાતી દલિત કવિતાનો હિંદી અનુવાદ), સાહિલ પરમાર, પ્રકાશક : હર્ષ પબ્લિકેશન્સ, ૧/૧૦૭૫૩, દ્વિતીય તલ, સુભાષપાર્ક, નવીન શાહદરા, દિલ્લી-૧૧૦૦૩૨, કિંમત : રૂ.૨૯૫/-

**વિકાસની વિકરાળતા અને આદિવાસીઓની કરુણ દાસ્તાન**, (નંદિની સુંદરના અંગ્રેજી પુસ્તક THE BURNING FORESTનો પરિચય), રજૂઆત : રજની દવે, પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, હિંગળાજ માતાની વાડીમાં, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧, કિંમત : રૂ.૮૦/-

**જ્ઞાતિ કેમ મરતી નથી? કારણ અને ઉપાય** (વૈચારિક લેખો), કનુભાઈ વ્યાસ, પ્રાપ્તિસ્થાન : ૧, તીર્થપાર્ક, સાંગોળપુરા, આણંદ-૩૮૮૦૦૧, કિંમત : રૂ.૧૫૦/-

**સાભિપ્રાય** (દલિત સાહિત્યનો વિવેચન સંગ્રહ), મધુકાન્ત કલ્પિત, પ્રાપ્તિસ્થાન : બી-૨૩, ન્યૂ કમલકુંજ સોસાયટી, આઈ.ઓ.સી. રોડ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪, કિંમત : રૂ.૧૨૦/-

**સંશય** (રેશનલ કવિતા-વાર્તા સંચય), પ્રવીણ ગઢવી, પ્રકાશક : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, 'પ્રકંપ' ૭, દુર્ગાકૃપા સોસાયટી, કીર્તિધામ તીર્થ પાસે, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪, કિંમત : રૂ.૧૨૦/-

**બાલિકાઓનાં ગીત** (ગીત સંગ્રહ), યશવન્ત મહેતા, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, કિંમત : રૂ.૨૦/-

# છેવાડાના મનેખના જીવતરની કથા

**ભવનું મહેણું (નવલકથા), ડૉ. દિનુ ભદ્રેસરિયા**

**પ્રકાશક : દામિની પબ્લિકેશન્સ, એ-૨૨, સોનાપાર્ક શોપિંગ, આઈઓસી રોડ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪ ● કિંમત : રૂ.૧૫૦/-**

**નવું વાચન**

**રમણ વાઘેલા**

**લક્ષ્મીનારાયણ** ત્રિપાઠીની આત્મકથા ''હું લક્ષ્મી, હું હીજડો''માં કિન્નરોની વ્યથાકથા આલેખવામાં આવી છે. ફેબ્રુઆરી ૨૦૧૬માં મહેસાણા મુકામે મળેલ, ''ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન વોઈસીસ ઓફ ઓપ્રેસ્ડ એન્ડ માર્જિનલાઈઝડ''માં કિન્નરોના પ્રશ્નોની રજૂઆત કરતાં લક્ષ્મી નારાયણ ત્રિપાઠીએ કિન્નરોને સમાજમાં માનભર્યું સ્થાન મળે એ બાબતની જિકર કરી હતી. તો વળી હિન્દીનાં પ્રતિષ્ઠિત લેખિકા ચિત્રા મુદગલની નવલકથા ''નાલાસોપારા''માં કિન્નર બનેલા નવલનાયક વિનોદે પોતાની માતાને પત્ર સ્વરૂપે પોતાની કિન્નર તરીકેની આપદાઓ વર્ણવી છે. સમાજની વિલક્ષણતા તો જુઓ કે વિનોદ કિન્નર બની જતાં, વિનોદનો બાપ વર્તમાનપત્રમાં જાહેરાત આપી પુત્રને મૃત ઘોષિત કરી દે છે. પરંતુ માતાનું હૃદય દીકરા માટે તડપતું રહે છે. તો સામે વિનોદનું હૃદય!

આ બે કિન્નરકથા પછી ગુજરાતીમાં આલેખાયેલી નવલકથા ''ભવનું મહેણું''માં દરબારગઢના દેવશંકરના દીકરા દશરથની કથા મૂકી એક સ્ત્રૈણ યુવક અંતે વ્યંઢળ બની જાય છે તે પૂર્વે અને તે પછીના ગ્રામ્યસમાજનું માનસિક વલણ ઉદ્‌ઘાટિત કરી LGBTના પ્રશ્નને વાચા આપવાનું કાર્ય કર્યું છે. અન્ય પાત્રો- કનુભાઈ, મીનળ દે અને છગનની જીવનશૈલીમાં દૃશ્યમાન થતું સ્ત્રૈણપણું નવલકથાના કથાવસ્તુને બળ આપે છે. ગામડાંમાં દલિતોની થતી અવહેલના જેવા વિષયને ઉજાગર કરવાનો લેખકે અહીં સફળ પ્રયત્ન કર્યો છે.

### જિંદગી / વજેસિંહ પારગી

જિંદગી અણમોલ છે
એવું બધું તો
ઠીક મારા ભઈ!
આ તો
જનમ્યા છીએ
અને
મરાતું નથી
એટલે
જીવીએ છીએ
બાકી કોને ગમે
ઘેઘૂર ઇચ્છાઓ સાથે ઊગેલી
પણ
ધરતીના અમી વગર
રૂખડું થઈ ગયેલી
જિંદગી!

જાણીતા વાર્તાકાર અને વિવેચક કલ્પેશ પટેલ પ્રસ્તાવનામાં નોંધે છે કે ''ભવનું મહેણું'' નવલકથા એક સાથે અનેક મુદ્દાઓને- ખાસ તો સામાજિક સમસ્યાઓને- લીલયા ઉજાગર કરે છે. વાસ્તવમાં ''ભવનું મહેણું'' ક્યાંકને ક્યાંક કોઈને કોઈ રીતે માનવમાત્રને ખમવું-ખાવું પડે છે એ માનવમાત્રની નિયતિ છે. લેખકે આ નવલકથાના માધ્યમથી આપણા પરંપરાપરક સમાજની કુંઠિત વિચારધારા સામે આંગળી મૂકી છે.

પૃથ્વી પર જન્મ લીધા પછી માણસને કેટકેટલાં મહેણાંનો શિકાર બનવું પડે છે. તેમાં જ્ઞાતિનું મહેણું, જાતિનું મહેણું, અનામતનું મહેણું, સ્ત્રીત્વનું મહેણું, અંધશ્રધ્ધાનું મહેણું, પછાતપણાનું મહેણું, આભડછેટનું મહેણું, વાંઝિયાનું મહેણું, વાંઢાપણાનું મહેણું, પુરુષત્વનું મહેણું, સમાનતાનું મહેણું વગેરેનો સમાવેશ થાય છે. અંતે આ બધાનાં સરવાળા સ્વરૂપે ''ભવનું મહેણું'' બધા મહેણાંને સ્વીકારી લે છે કારણ કે તે વિના છૂટકો નથી!

હરીશ મંગલમે આ નવલકથાને, ''સમાજમાં પ્રવર્તમાન મહેણાં ભાંગવા માટેના પુરુષાર્થ'' તરીકે દર્શાવી છે. તો દિનુ ભદ્રેસરિયાએ ''ઈડરિયા મલકમાં છેવાડે પથરાયેલા મનેખના જીવતરની વાતો'' તરીકે આ નવલકથાને નિરૂપ્યાનું જણાવ્યું છે.

એક બહુ ઓછા અને અસ્પર્શ્ય વિષયને નવલકથામાં ઢાળવા બદલ લેખકને અભિનંદન.

**દલિત અધિકાર** (પાક્ષિક)

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઑફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણસ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.